# શામળાજી આરટીઓ ચેક પોસ્ટ પર રાત્રીના સમયે અસામાજિક તત્વો દ્વારા હૂમલો

## બનાવના પગલે વાહનવ્યવહાર મંત્રી કાકડીયા દોડી આવ્યા : તલવાર, ધારિયા સાથે આવેલા ટોળાએ અધિકારીઓ અને કર્મચારીઓ સાથે ઝપાઝપી કરી તોડફોડ મચાવી

મોડાસા, ૧૮

અરવલ્લી જિલ્લામાં શામળાજી આરટીઓ ચેક પોસ્ટ ઉપર રાત્રીના સમયે તલવાર, ધારિયા સાથે ધસી આવેલા અસામાજિક તત્વોએ ચેક પોસ્ટની ઓફિસ બાનમાં લઇ લીધી હતી અને અધિકારી અને કર્મચારીઓ સાથે ઝપાઝપી કરી હૂમલો કરી તોડફોડ મચાવી હતી. રાત્રીના સમયે આરટીઓ ચેક પોસ્ટ ઉપર ધસી આવેલા આ તત્વોએ ઓફિસને રીતસર બાનમાં લઈ લેતા રાત્રીના ચેક પોસ્ટના અધિકારી-કર્મચારીઓને પોતાની ફરજ પણ બજાવવામાં અડચણ ઉભી થઈ હતી. ઘટનાથી ભયભીત સ્ટાફે ગાંધીનગર કમિશ્નર કચેરીએ જાણ કરતા ઘટનાની ગંભીરતા ધ્યાને લઈ રાજ્યના વાહનવ્યવહાર પ્રધાન વલ્લભભાઈ કાકડીયા અને કમિશ્નર સીધા જ શામળાજી દોડી આવ્યા હતા અને સમગ્ર ઘટનાની જાત માહિતી મેળવી હતી.

વાહનવ્યવહાર મંત્રીએ જણાવ્યું હતું કે ઘટના સંદર્ભે સંડોવાયેલા તત્વો સામે સખ્ત પગલાં લેવાશે. હૂમલો કરનારા અજાણ્યા શખ્સો સામે પોલીસ ફરિયાદ નોંધવાની પણ તજવીજ હાથ ધરાઈ છે.

આ બનાવના સંદર્ભમાં ગાંધીનગરથી આવેલા મંત્રી અને કમિશ્નર હજુ તો પરત ગાંધીનગર માંડ પહોંચ્યા હશે ત્યાં રાત્રીના બે વાગ્યાના અરસામાં ફરી અસામાજિક તત્ત્વોએ આરટીઓ ચેક પોસ્ટ ઉપર હુમલો કર્યો હતો અને કામકાજમાં રુકાવટ ઉભી કરતા સ્ટાફ ભયભીત બની ગયો હતો.

આ સ્થળે સુરક્ષા સ્ટાફ પોલીસ તેમજ એસઆરપી જવાનો સલામતીના પગલાં માટે મુકાયા છે પણ ટાંચા સુરક્ષા કર્મીઓ એક સાથે તલવાર, ભાલા, ધારીયા સાથે ધસી આવતા ટોળા સામે પહોંચી વળવું મુશ્કેલ પડે તેવી સ્થિતિ સર્જાતી હોય છે ત્યારે અહીં વધુ કાફલામાં એસઆરપી બંદોબસ્ત અને વધુ પોલીસ વ્યવસ્થા કરી રાજ્યના સૌથી મોટા આરટીઓ ચેક પોસ્ટના કામ કરતા અધિકારીઓ કર્મચારીઓને પોતાની ફરજ નિર્ભયપણે બજાવે તેવી લોખંડી સુરક્ષા ઉભી કરવામાં આવે તે જરૂરી મનાઈ રહ્યું છે.




**ભિલોડા ભારત વિકાસ પરીષદના નવા હોદ્દેદારોનો શપથ વિધિ સમારોહ યોજાયો**

ભિલોડા ભારત વિકાસ પરીષદ શાખા નવિન પ્રમુખ, કારોબારી સભ્યોનો શપથ વિધિ સમારોહ યોજાયો હતો. ભારત વિકાસ પરીષદ શાખા, ભિલોડા પ્રમુખ પદે જગદીશભાઈ એસ.પટેલ, મંત્રી ચંદ્રકાંતભાઈ જે.પટેલ, ખજાનચી નરેન્દ્રભાઈ એસ.પ્રજાપતી, હોદ્દેદારો, કારોબારી સભ્યોની વરણી કરતાં આનંદની લાગણી પ્રસરી છે. શપથ વિધિ સમારોહ કાર્યક્રમમાં ૪૫ સભ્યોએ શપથ ગ્રહણ કર્યા હતા. આશીર્વચન ભગતજી દાદાએ આપ્યા હતા. ભારત વિકાસ પરીષદ શાખાનો મુખ્ય હેતુ સંપર્ક, સહયોગ, સંસ્કાર, સેવા અને સમર્પણના ધ્યેય સાથે ચાલતી આ સંસ્થામાં પ્રગતિ કરે તેવી આશા સૌ કોઈએ વ્યક્ત કરી હતી.

# પ્રાંતિજમાં વિજ કંપનીની બેદરકારી

## પંદર દિવસથી લાઇટ ચાલુ બંધ થાય છે : છેલ્લા પંદર દિવસથી ફોલ્ટ ના શોધવામાં આવતા પ્રાંતિજવાસીઓ ગરમીમાં શેકાઈ રહ્યાં છે

પ્રાંતિજ, તા. ૧૮

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે છેલ્લાં પંદર દિવસથી વિજકંપનીની બેદરકારીને લીધે લાઈટ દિવસ-રાત્રીમાં ત્રણ થી ચાર વખત બંધ પડી જાય છે અને હાલ ગરમીમાં પ્રાથમિક જરૂરિયાત એવી વિજળી વારે ધડીએ ડુ થતાં પ્રાંતિજવાસીઓ ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.

અસંખ્ય ગરમીમાં વધારો થયો છે અને દિવસ રાત ગરમીનો તેજ પ્રકોપ દિવસે ને દિવસે વધે છે ત્યારે લોકો ગરમીથી બચવા માટે નવા નવા નુશખા અપનાવી રહ્યાં છે. અને ગરમીથી બચવા લોકો મકાનોની બહાર નિકળવાનું ટાળે છે અને કાળ ઝાળ ગરમી પડતાં લોકો શેકાઈ જાય છે ત્યારે બીજીબાજુ છેલ્લાં પંદર દિવસથી વિજકંપની દ્વારા દિવસમાં ત્રણ થી ચાર વાર કોઈ કારણોસર વિજપ્રવાહ બંધ થતાં લોકો ગરમીમાં સેકાઈ જાય છે અને મોધા યંત્રો પણ વિજપ્રવાહ વગર ચાલુ ન થતાં લોકો ગરમીમાં તોબા પોકારી ઉઠયા છે ત્યારે વિજકંપની દ્વારા આળસ ખંખેરીને સત્વરે કાયમી ધોરણે ઉપાય લાવે તેવી હાલ તો પ્રાંતિજવાસીઓની માંગ ઉઠવા પામી છે ત્યારે હવે જોવાનું એ રહ્યું કે શું વિજપ્રવાહને લઈને કાયમી ઉકેલ આવશે કે કેમ એ તો હવે જોવાનું રહ્યું.



### ગરમીના પ્રકોપને લઈને જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા પરિપત્ર જાહેર

પાલનપુર, તા. ૧૮

ગરમીના પ્રકોપને લઈ આરોગ્ય વિભાગે પરિપત્ર જાહેર કર્યો છે. રોજ બરોજ વધતી જતી કાળઝાળ ગરમીને પગલે આરોગ્ય વિભાગ દ્વારા પાલનપુર સિવિલ સહિત જિલ્લા ની સિવિલ સંલગ્ન તમામ વિભાગો ને ગરમી થી પીડિત લોકો ની સારવાર કરવાની સૂચના આપી છે. ખાસ કરીને ગરમીને લીધે ચક્કર અથવા ઉલટી ઉબકાના તબક્કા ને ધ્યાને લઈ પીડિત ની સારવાર કરવાની સૂચના અપાઈ છે.

### ભિલોડામાં ભારતીય જનતા પાર્ટી દ્વારા સમીક્ષા બેઠક યોજાઈ

ભિલોડા, તા. ૧૮

ભારતીય જનતા પાર્ટી ધ્વારા બુથની સમીક્ષા બેઠકોમાંથી આજ રોજ અરવલ્લી જિલ્લા ભિલોડા તાલુકા મોટાકંથારીયા જિલ્લા પંચાયત સિટની સમિક્ષા બેઠક શામળાજી વિષ્ણુ મંદિર ખાતે સાબરકાંઠા જિલ્લા ભાજપા આગેવાન અને ભિલોડા વિધાનસભા સીટના વાલી પૃથ્વીરાજભાઈ પટેલના અધ્યક્ષસ્થાને યોજાઈ.

જેમાં અરવલ્લી જિલ્લા ભાજપા પ્રમુખ રણવીરસિંહ ડાભી, મહામંત્રી શામળભાઈ પટેલ, જિલ્લા ઉપપ્રમુખ જયેશભાઈ પટેલ અને નિલાબેન મડિયા, મંત્રી ગજાનંદભાઈ પ્રજાપતિ, ભિલોડા તાલુકા પ્રમુખ રમેશભાઈ રાવલ, તાલુકા મહામંત્રી ભિખાભાઈ પટેલ, ઈન્દ્રવિજયસિંહ, વિસ્તારક દિનદયાલસિંહ ચૌહાણ સાથે બુથ પ્રમુખો અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા.




અરવલ્લીના જીલ્લા મથકે ભામાશા હોલ, મોડાસા ખાતે ખુબ જ સરસ અને બેરોજગાર યુવાધનને સરકાર દ્વારા લેવામાં આવતી અને આવનાર સરકારી નોકરી માટે ખુબ જ ખંત અને આયોજન પૂર્વક તૈયારી કરવા તેમજ pcss કેરિયર ઍકેડેમી કોલેજ મોડાસા દવારા કરવામાં આવતી કામગરી, નિવાસી તાલીમ, કચેરી ખાતે નોધણી અને કારકિર્દી અંગે માર્ગદર્શન વગેરે બાબતોના એક્ષ્પર્ટ ડૉ. સંતોષ દેવકર, કેરિયર એકેડમીના ગઢવી બાળ સુરક્ષા અધિકારી દિલીપસિંહ બિહોલા અને નીલેશભાઈ જોશી અને માર્ગદર્શક આઈ.ટી.આઈ પ્રિન્સીપાલ આર.જી. પુરોહિત અને રોજગાર અધિકારી પાંડવ દ્વારા ખુબ સુંદર માહિતી આપવામાં આવી. ૮૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો.

# ભિલોડા તાલુકામાં ઠેર-ઠેર ઠંડા પીણાની હાટડીઓ ધમધમી

ભિલોડા,તા.૧૮

ઉનાળા દરમ્યાન આગ ઝરતી અસહ્ય કાળઝાળ ગરમીની સિઝનમાં ઠંડા-પીણાનું ધુમ વેચાણ થઈ રહ્યું છે. પ્રજાજનો ગરમીમાં રાહત મેળવવા ઠંડા-પીણા હોશે-હોશે ગટગટાવતા હોય છે.પ્રજાજનોના આરોગ્ય માટે નુકશાનકારક દ્રવ્યોની ભેળસેળ ઠંડા-પીણાની અંદર કરાતી હોવાની આશંકા સેવાઈ રહી છે. ગ્રામ્ય વિસ્તારોમાં અખાદ્ય કેન્ડીનું ધુમ વેચાણ થઈ રહ્યું છે.વહીવટી તંત્રના અધિકારીઓ ધ્વારા સત્વરે ઓચિંતી તપાસ હાથ ધરવામાં આવે તો બે નંબરીયા વેપારીઓ ઝડપાઈ શકે તેમ લોકમુખે ચર્ચાય છે. મિનરલ પાણીના નામ ઉપર ઉઘાડી લુંટ ચાલી રહી છે. આરોગ્યને નુકશાન કરતા દ્રવ્યોની ભેળસેળ કરી તગડો નફો મેળવવાની ઘેલછામાં અમુક વેપારીઓ પ્રજાજનોના આરોગ્ય સાથે ચેંડા કરી રહ્યા છે.

સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં ઠેર-ઠેર ઠંડા-પીણાની હાટડીઓ ધમધમી રહી છે. નિર્દોષ પ્રજાજનોના આરોગ્ય સાથે રીતસરના ચેંડા થઈ રહ્યા છે. આરોગ્ય માટે નુકશાનકારક દ્રવ્યોની ભેળસેળની આશંકાઓ સેવાઈ રહી છે. ઠંડા-પીણા, શેરડીના રસકોલા, આઈસક્રીમ પાર્લરો, બરફ ફેક્ટરીઓ, કેન્ડી ફેક્ટરીઓ સહિત ઠંડા પીણાની હાટડીઓ ધમધમી રહી છે પરંતુ પ્રજાજનોના આરોગ્ય સાથે રીતસરના ચેંડા થઈ રહ્યા હોવાનું આધારભુત સુત્રો ધ્વારા જાણવા મળેલ છે.

આરોગ્ય માટે નુકશાનકારક દ્રવ્યોની ભેળસેળની આશંકાઓ સેવાઈ રહી છે. શેરડી રસકોલા, જ્યુસ, શરબત, બરફના ગોલા, કેન્ડી સહિતના પીણાં પ્રજાજનો હોશે-હોશે ખાતા પીતા હોય છે. અમુક બે નંબરીયા વેપારીઓ વધુ નફો રળવાની ઘેલછામાં નુકશાનકર્તા દ્રવ્યોની ભેળસેળ કરતાં હોવાની આશંકા સેવાઈ રહી છે ત્યારે આરોગ્ય વિભાગના જવાબદાર અધિકારીઓ ધ્વારા સત્વરે ન્યાયિક તપાસ હાથ ધરવમાં આવે તે અત્યંત જરૂરી હોવાનું લોકમુખે ચર્ચાય છે. ઉનાળાની અસહ્ય કાળઝાળ આગ ઝરતી ગરમીની સિઝનમાં પ્રજાજનો, નાના બાળકોમાં ઝાડા, ઉલ્ટી, કોલેરા જેવા રોગોના થવાની સંભાવનાઓ છે. દર્દીઓથી હોસ્પિટલોં ઉભરાઈ રહી છે ત્યારે આરોગ્ય તંત્ર ધ્વારા બજારોમાં વેચાતા બરફ, મીનરલ પાણી, આઈસક્રીમ, ઠંડા-પીણાના નમુનાઓ સત્વરે મેળવી ચકાસણી ન્યાયીકપણે હાથ ધરવામાં આવે તેવી જાગૃત પ્રજાજનોની લાગણી અને માંગણી છે.

### પ્રાંતિજના મજરા ખાતે મહિલાએ ગળેફાંસો ખાઈ જીવનલીલા સંકેલી

પ્રાંતિજ, તા. ૧૮

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજના મજરા નજીક આવેલ શ્રુતિ પાઈપની ફેક્ટરીની કોલોનીમાં રહેતી રાજસ્થાનની મહિલાએ ગળેફાંસો ખાઈ જીવનલીલા સંકેલી લીધી હતી.

પ્રાંતિજ પોલિસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ પ્રાંતિજના મજરા ચોકડી તલોદ રોડ ઉપર આવેલ શ્રુતિ પાઈપની કોલોનીમાં રહેતી મહિલા શોભનાદેવી મુકેશ હિરાલાલ પરમાર ઉ.વર્ષ ૩૨, મૂળ રહે. મહવાળ, પોસ્ટ સંદેશ, તા. બરવાડા, જિ.ઉદેપુર (રાજસ્થાન) કેજેવોએ શ્રુતિ પાઈપની કોલોનીની ઓરડીમાં અગમ્ય કારણોસર પંખા નીચે સાડી વડે ગળેફાંસો ખાઈ જીવન લીલાં સંકેલી હતી જયારે આ અંગેની જાણ પ્રાંતિજ પોલીસને રસીકભાઈ ગોરધનભાઈ પટેલ ઉ.વર્ષ- ૫૦ ધંધો નોકરી રહે. નરોડાવાળાએ કરતાં પોલીસે આત્મહત્યાનો ગનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

### આજે સહકારી દિવસની ઉજવણી કરવાની તૈયારી

ગુજરાત સ્થાપના દિન ઉજવણીના ભાગરૂપ આવતીકાલે તા. ૧૯મી એપ્રિલ સહકાર દિવસ તરીકે ઉજવાશે. ગુજરાત સ્થાપના દિનને લઈ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આવતીકાલે સહકાર વિભાગના ઉપક્રમે ગુજરાત સ્ટેટ કો.ઓ.બેંક, નારણપુરા ખાતે ગ્રામિણ વિકાસનો પરિસંવાદ યોજાશે. જેમાં રાજયકક્ષાના સહકાર મંત્રી ઈશ્વરભાઈ પટેલ, સંસદીય સચિવ જયંતિભાઈ રાઠવા, સંસદીય સચિવ બાબુભાઈ જે પટેલ, ઉપસ્થિત રહેશે.

# મોટીમોરી હત્યા કેસમાં ઉચ્ચસ્તરીય તપાસ માટે મેઘરજ મામલતદારને આવેદનપત્ર પાઠવ્યુ

મેઘરજ તાલુકાના મોટીમોરી ગામે હોળીની રાત્રિ દરમ્યાન ૨૦ વર્ષીય યુવાન અતુલ બાબુભાઈ રોત



જેઓ હોળી જોવા માટે તેના ગામમાં ગયો હતો. બીજા દિવસે સવારે તેના પર નજીક ખેતરમાંથી ક્રૂરતાભરી હત્યા કરાયેલી હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો. જે બાબતે યુવકના પિતાએ ઈસરી પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવી હતી. જેમાં જણાવ્યું હતું કે મારા દીકરા અતુલને છેલ્લા બે વર્ષથી રમાડ ગામના ખાતુ જીવા ડેડુંનની દીકરી સાથે પ્રેમ સંબંધ હતો અને અમો પણ બે વાર મારા દીકરાનુ માગું લઈને ખાતુ જીવાના ઘરે ગયા હતા. પરંતુ તે કોઈ ને કોઈ બહાના બતાવતો હતો. જેથી મને મારા દીકરા અતુલને ખાતુ જીવાની દીકરી સાથે પ્રેમ સંબંધને કારણે બે રહેમીથી હત્યા કરી હોવાનો પુરો શક છે. જેના આધારે ઈસરી પોલીસે આરોપી દેડુન રમેશ જીવા, ડેડુન મહેન્દ્ર બાબુત ડેડુન સુરેશ મોગા, ડેડુન ખાતુ જીવા, ડેડુન ગોવિંદ લક્ષ્મણની અટકાયત કરી હતી. પરંતુ આ હત્યાને એક મહિના ઉપર સમય વિત્યા છતાં કોઈ કડી બહાર ન આવતા સોમવારે મૃતકના નજીકના સગા સંબંધીઓએ મેઘરજ મામલતદારને આવેદનપત્ર પાઠવ્યુ હતુ. જેમાં જણાવ્યું હતુ કે પાંચ આરોપીઓ પોલીસ તપાસમાં અટકાયત હેઠળ છે જ્યારે છઠ્ઠો આરોપી ડેડુન છગન શકરા નામનો ઈસમ ફરાર છે અને આ હત્યા કેસમાં અનેક બીજા વ્યક્તિઓ ગુન્હામાં સંડોવાયેલા છે અને તે બાબતે અમોએ ગુજરાત સરકારના ગૃહ વિભાગમાં લેખીત રજૂઆતો કરેલ છે. આ હત્યા કેસ સંબંધે સચોટ અને ન્યાયી તપાસ થાય અને સાચા ગુનેગારોને સજા મળે અને આ હત્યાની ઉચ્ચસ્તરીય તપાસ થાય.

# પાલનપુરના હોડા ગામે ૪૦ પશુના મોત

પાલનપુરના હોડા ગામે અંદાજે ૧ માસ મા નાના મોટા ૪૦ પશુ મોતને ભેટ્યા હોવાના અહેવાલ છે.

આ રોગ માં પ્રથમ પશુના મોઢા પર ચાંદા પડે છે. ત્યારબાદ તાવ આવી મોત ને ભેટે છે. મોવા--ખરવા રોગ હોવાની પ્રબળ આશંકા સેવાઈ રહી છે. હજુ પણ ગામમા પશુ આ રોગથી પીડાઈ રહ્યા છે. સરપંચના જણાવ્યા અનુસાર આ રોગ મોટે ભાગે ગાયને આ રોગ થાય છે. જ્યારે ગામમા હજુ પણ અનેક પશુઓ આ રોગથી પીડિત છે. જો કે, ડોક્ટરો પાસે વિજીટો કરાવી હોવા છતાં નક્કર પરિણામ નહી મળતા પશુપાલકો મા ચિંતા વધી છે.



**પ્રાંતિજના બદામ કંપા પ્રાથમિક શાળામાં વાર્ષિકોત્સવ ઉજવાયો**

સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના બદામ કંપા પ્રાથમિક શાળા ખાતે વાર્ષિકોત્સવ યોજાયો હતો. જેમાં શાળાના બાળકોએ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાગ લઈને આવનાર મહેમાનો, પ્રેક્ષકો તથા વાલીઓના દિલ જીતી લીધાં હતાં. તલોદના બદામ કંપા પ્રાથમિક શાળામાં વાર્ષિકોત્સવ યોજાયો હતો. જેમાં આવનાર મહેમાનો તથા દાતાઓનું શાળા દ્વારા શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું. દેશભકિત ગીત, બેટી ભણાવો તથા આરોગ્ય વિષે તથા સ્વચ્છતા અંગેના ધો-૧ થી ૫ના ૨૫ બાળકોએ ૧૨ જેટલા સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કરી સૌના દિલ જીતી લીધા હતા. ગ્રામજનો પણ બાળકોનો આટલો સુંદર પ્રોગ્રામ જોઈ દંગ બની ગયા હતા જેમાં એસ.એમ.સી. સભ્યો તથા ગ્રામજનોનું યોગદાન રહ્યું હતું. ટીપીઓ, બીઆરસી, સીઆરસી સહિતના અધિકારીઓએ પણ હાજર રહી બાળકો અને શિક્ષકોની કામગીરીને બિરદાવી હતી.

# કાંકરેજ તાલુકાના થરા-શિહોરી પોલીસ સ્ટેશનમાં પોલીસ અધિક્ષક દ્વારા ઈન્સ્પેક્શન

## શિહોરી પોલીસ સ્ટેશન અને થરા પો. સ્ટે.ના તમામ રજીસ્ટરોનું ચેકિંગ અને પેન્ડીંગ ગુનાઓમાં કેવી રીતે આગળ વધવુ તે વિશે પીએસઆઈ સાથે ચર્ચા કરાઈ

કાંકરેજ, તા. ૧૮

પ્રાપ્ત વિગતો અનુસાર તા. ૧૮-૪-૧૭ના રોજ શિહોરી પોલીસ સ્ટેશનમાં બનાસકાંઠા જિલ્લા પોલીસ વડા નિરજ બડગુર્જર વાર્ષિક ઈન્સ્પેક્શન માટે દોડી આવ્યા હતા. જો કે સાથે એ.એસ.પી. અક્ષયરાજ મકવાણા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સીપીઆઈ શિહોરી, પીએસઆઈ શિહોરી તેમજ પોલીસ સ્ટાફની હાજરીમાં વાર્ષિક ઈન્સ્પેક્શન કરાયું હતું. જેમાં ક્રાઈમને લગતા ગુનાઓ વિશે વિશેષ ચર્ચા અને તમામ રજીસ્ટરો ચેક કરવામાં આવ્યા હતા. સાથે સાથે વર્ષ દરમ્યાન બનેલ ગુનાઓમાં જે પેન્ડીંગ ગુનાઓ છે. કેવા કારણોસર પેન્ડીંગ છે જેમાં કેવી રીતે આગળ વધી શકાય તેના ઉપર ચર્ચાઓ કરી હતી અને પોલીસ સ્ટેશનની સુવિધાઓને લઈ પીએસઆઈને માર્ગદર્શન સાથે સૂચનો કર્યા હતા. આમ થરા પોલીસ સ્ટેશન અને શિહોરી પોલીસ સ્ટેશનમાં વાર્ષિક ઈન્સ્પેક્શન યોજાતા પોલીસ સ્ટાફ યુનિફોર્મમાં સજ્જ થયેલ નજરે પડ્યો હતો અને એસ.પી. બનાસકાંઠા નિરજ બજગુર્જર આગળ રવાના થયા હતા. જો કે સ્ટેશનમાં નથી. જો કે વોટર કુલર છેલ્લા કેટલાય સમયથી બંધ હાલતમાં છે. અને અત્યારે આગ ઝરતી ગરમીમાં શિહોરી પોલીસ સ્ટાફને ઠંડા પાણી માટે ફાંફા છે.



જુના પોલીસ સ્ટેશનને તોડી પાડેલ છે. જેને લઈ પોલીસને બહારના લીંબડે બેસી કામગીરી કરવી પડે છે અને તિજોરી લોકર, ખુરશી, ટેબલ સહિતની સામગ્રી અત્યારે ખુલ્લામાં પડી છે. અસહ્ય ગરમી અને ધોમધખતા તાપમાં ઠંડા પાણીની સગવડતા શિહોરી પોલીસ જેને ધ્યાને લઈ એસપી બનાસકાંઠા નવીન વોટરકુલર આપે અને આવનાર અરજદારો અને પોલીસ સ્ટાફની ઠંડી તરસ છીપાવે તેવી લોક મુખે ચર્ચા જાગી હતી. જો કે હવે જોવું એ રહ્યું કે શિહોરી પોલીસ સ્ટેશનમાં નવીન વોટર કુલર આવશે ખરા ?

# હિમતનગરમાં કોર્ટ પાસેથી યુવાનનું અંગત અદાવતમાં અપહરણ

સાબરકાંઠા જીલ્લાના હિમતનગર શહેરમાં બહુમાળી ભવન અને કોર્ટ વચ્ચેના માર્ગ પરથી મંગળવારે બપોરે હાજીપુરાના એક યુવાનને અંગત અદાવતમાં ઈકો કારમાં અપહરણ કરી લઈ ગયેલ જેને શરીરે ચપ્પાના ચાર ઘા મારી વિજાપુર મુકીને અપહરણ કરનારા નાસી ગયેલા જે ઈજાગ્રસ્ત યુવાનને હિમતનગર સિવિલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો બનાવ અંગે હિમતનગર બી-ડીવીઝન પોલીસને જાણ થતા પોલીસે ઘટના સ્થળે પહોંચી કાર્યવાહી હાથ ધરી હતી.

આ અંગેની વિગત એવી છે કે હાજીપુરાનો યુવાન ઈકબાલશા ઈબ્રાહીમશા દિવાન -ઉ૫-૩૨ પોતાની સ્વીફ્ટ કાર લઈને કોર્ટ આગળ થી પસાર થઈ રહેલા અને ચા ની કીટલીએ ચા પીવા ઉભા હતા ત્યારે મૂળ વિરમગામનો અને હાલ હિમતનગરના ઝાહીરબાદમાં રહેતો હુસેનશા કાલુશા દિવાન ઈકો કારમાંથી ઉતર્યો હતો અને ચા પી રહેલ ઈકબાલશા દિવાનને કહેલ કે તું મસ્જીદની ફરિયાદમાં કેમ સાક્ષી બન્યો છે તેમ કહી તેના પર લાકડી ફટકારી હતી ત્યારબાદ ચપ્પા વડે હુમલો કર્યો કરી ઈકો કારમાં ખેચી લીધો હતો અને ઈકોમાં સવાર બાકીના લોકો ઉતરી સ્વીફ્ટ કારમાં બેસી ગયેલા અને બંને વાહનો લઈ ન્યાયમંદિર તરફ થઈ વિજાપુર તરફ ભાગી ગઈ હતી.